<u>પ્રેસ રીલીઝ</u>

અમદાવાદ, ગુજરાત તારીખ: 06/02/2020

**એનએચએસઆરસીએલ દ્વારા અમદાવાદમાં ચેનપુર અને રોપડા ગામોની 23 મહિલાઓને તેઓ માટે આવક નિર્માણની તકો વધારવા માટે સીવણ મશિનો ભેંટ આપવામાં આવ્યા હતા**

પ્રોજેક્ટથી પ્રભાવિત થતા લોકો માટેનાં આવક પુનઃસ્થાપના કાર્યક્રમ અંતર્ગત, નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા રૂરલ સેલ્ફ એમ્પલોયમેન્ટ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટ્સ (આરએસઇટીઆઇ) સાથે મળીને અમદાવાદમાં ચેનપુર અને રોપડા ગામોની મહિલાઓ માટે એક મહિનાનો 'સ્ટિચિંગ એન્ડ ટેઇલરિંગ' અભ્યાસક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસક્રમો મહિલાઓમાં કૌશલ્યો વિકસાવવા અને તેઓને આવક નિર્માણ કરવા સક્ષમ બનાવવા માટે રચવામાં આવી રહ્યા છે.

આ મહિલાઓને સ્વનિર્ભર અને સ્વતંત્ર બનાવવા માટે, આજે રોપરા ગામમાં એક સમારંભમાં 23 સીવણ મશિનો વહેંચવામાં આવ્યા હતો, જેમાં પ્રોજેક્ટથી પ્રભાવિત 100 કરતા વધારે વ્યક્તિઓ અને તેઓનાં પરિવારો અને મિત્રો પણ હાજર રહ્યા હતા. એનએચએસઆરસીએલ દ્વારા આ તકનો ઉપયોગ કરીને ફરીથી એકવખત પ્રોજેક્ટથી પ્રભાવિત પરિવારો સાથે સંપર્ક કરી અને તેઓને મુંબઇ અમદાવાદ હાઇ સ્પીડ રેલ પ્રોજેક્ટ બાબતમાં તેઓનાં અધિકારો અને લાભો અંગે સંક્ષિપ્તમાં માહિતગાર કરવામાં આવ્યા હતા.

એનએચએસઆરસીએલની જમીન સંપાદન પ્રક્રિયા વળતરની ચૂકવણી, આરએન્ડઆર સહાય વગેરે પૂરતી જ મર્યાદિત નથી, પરંતુ પ્રોજેક્ટથી પ્રભાવિત વ્યક્તિઓ માટે કૌશલ્ય વિકાસ, આવક પુનઃસ્થાપન માટે તાલીમ વધારો અને જીવનનિર્વાહ પુનઃસ્થાપનનો વિકાસ અને આવક નિર્માણની તકોનો પણ સમાવેશ કરે છે. એ બાબતની ખાતરી કરવા માટે વ્યાપક જોડાણ હાથ ધરવામાં આવી રહ્યું છે કે તમામ પીએપીને ઉપલબ્ધ વિકલ્પોની સારી સમજ આપવામાં આવી હોય અને ભાગ લેવાની સુયોગ્ય તક આપવામાં આવે.

આ તાલીમ કાર્યક્રમોથી 200 કરતા વધારે તાલીમાર્થીઓને લાભ મળ્યો છે અને તેઓમાંથી કેટલાકને નોકરી મળી ગઇ છે અથવા તેઓનો પોતાનો વ્યાપાર ચાલું કર્યો છે.

એમએએચએસઆર કોરિડોરમાં વિવિધ ગામોમાં મોબાઇલ રીપેરિંગ, બ્યુટી પાર્લર, બાઇક રીપેરિંગ, ઇલેક્ટ્રિશિયન વગેરે સહિતની તેનાં જેવા મોટી સંખ્યામાં તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. કોરિડોરમાં વિવિધ જીલ્લાઓમાં તાલીમ સંસ્થાઓ અને તાલીમ કાર્યક્રમોની યાદી, આ તાલીમોમાં ભાગ લેવા માટેનું અરજી પત્રક અને જવાબદાર એનએચએસઆરસીએલ અધિકારીઓની સંપર્ક વિગતો અમારી વેબસાઇટ: www.nhsrcl.in પર ઉપલબ્ધ છે.

સુષ્મા ગૌર
પ્રવક્તા/એનએચએસઆરસીએલ
ફોન 9810296813

આરએસઇટી ગ્રામિણ સ્વરોજગાર ચાલીમ સંસ્થાઓ છે. ઉદ્યોગ સાહસિકતા વિકાસ તરફ ગ્રામિણ યુવાઓને વેગ આપવા માટે તાલીમ આપવા અને કૌશલ્ય વધારવા માટે દેશનાં દરેક જીલ્લામાં સમર્પિત આંતરમાળખાનું નિર્માણ કરવા માટે ગ્રામિણ

વિકાસ મંત્રાલય (એમઓઆરડી) ની એક પહેલા છે. આરએસઇટીનું સંચાલન ભારત સરકાર અને રાજ્ય સરકારોનાં સક્રિય સહકાર સાથે બેંકો દ્વારા કરવામાં આવે છે.